ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

# સંશોધન પેપર કોરોના મહામારી ના લીધે સમાજ માં આવેલું મુલ્યાંગત પરિવર્તન

સંશોધક
દવે જીજ્ઞાશા ડી.

માર્ગદર્શન
ડો.જયશ્રી નાયર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
સમાજશાત્ર ભવન ના અધ્યક્ષ

## પ્રસ્તાવના

વિશ્વ આજે કોવીડ 19 નામની વૈશ્વિક મહામારી સામે જંગ લડી રહ્યું છે. આ વૈશ્વિક મહામારી સમાજ આજે તેની લાડવા સામે રસી શોધવા તો બીજી તરફ વિશ્વ ના મહાનાયક ગણાતા એવા દેશો અમેરિકા અને ચીન એકબીજા પાર આરોપો ના ટોપલા ઠાલવી રહ્યા છે અતિઆધુનિક મેડિકલ સેવાઓ ધરાવતા ઇટલી બ્રિટેન ન્યૂયોર્ક  માનવ લાશો ના ઢગલા ભેગા થયા છે તેના અંતિમ સંસ્કાર નો પણ મોટો પ્રશ્ન અહીંની  વિક્સિત સરકાર સામે આવી ને ઉભો છે વિશ્વની આવી વિકસિતા અને ભૌતિકતા વાદ આખરે તે શું કામના?

જે માણસના સ્વસ્થ બચાવવા નિષ્ફળ રહે છે આજે માણસે મહામાનવ બની જે વિશ્વ ને પ્રદુષિત કર્યું છે આધુનિકતા તરફ આંધળી ડોટ અને શહેરી કરણ ના ગંદા વસવાટો "પૈસા જ સર્વત્ર " માનવી માણસાઈ છોડી ને જીવી રહ્યો હતો આવા સમયે કોરોના મહામારી વિશ્વ ને જેમ હચમચાવી ને રાખી દીધી છે એ સમયે સમાજ ના મૂલ્ય ગત સિદ્ધાંત સાદી જીવન શૈલી સમાજ ને ખુબજ ઉપયોગી આવી રહી છે.

આજે અપને સમાજ માં કોરોના ના હિસાબે જે  મૂલ્યગત ફેરફારો આવ્યા છે તેની ચર્ચા કરીશું

## પર્યાવરણ માં પ્રદુષણ નો ઘટાડો

આ કોરોના એ જે રીતે માણસ ને  ઘરમાં બેસાડી દીધો જેના કારણે આજે વાહન ની દોડધામ થંભી જતા વાતાવરણ ના પ્રદુષણ માં ઘણો ઘટાડો થઈ રહ્યો છે ગંગા નદી નું પ્રદુષિત પાણી પણ આજે કાચ જેવું શુદ્ધ થઈ  ગયું છે વાતાવરણ ની અંદર પ્રદુષણ નું સ્તર ઘટતા પંજાબ અને બિહાર માંથી હિમાલય ને નારી આખે જોય શકાય છે વાહન ના પૈડાં થંભી જતા પેટ્રોલિયમ પેદાશ ના વપરાશ માં ..ટકા જેટલો નોંધ પાત્ર ઘટાડો થવાથી વાતાવરણ માં કાર્બનમોનોકસાઇડ ની માત્ર માં ઘટાડો થયો છે

## સમતોલ આહાર

ચીન જે રીતે ચામાચીડિયા અને બીજા પશુઓ નો ખોરાક માં ઉપયોગ કરતું રહ્યું છે જેના કારણે ચીન એ આખા વિશ્વ ને કોરોના મહામારી ની સોગાદ આપી છે .  જેના હિસાબે આજે સમાજ ને સમતોલ

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

હાર નું મહત્વ સમજાયું છે રેસ્ટોરન્ટ માં મળતા જંક ફૂડ થી ખરેખર કેટલું નુકસાન થાય છે ઠંડા પીણાં આઈસ ક્રીમ આથા વારો ખોરાક માણસ ના સ્વાથ્ય ને કેટલું નુકસાન પહોંચાડે છે તેની સમાજ કોરોના એ માનવી ને આપી છે .

ઔષધીઓ

તુલસી આદુ હળદળ નો ઉકાળો એ આજે કોરોના સામે રક્ષા કવચ બન્યું છે આજે ભારત ના ઔષધશાસ્ત્ર ની વિશ્વ એ પણ નોંધ લીધી છે કપૂર નો ધુમાડો એ વાતાવરણ ના શુદ્ધિ કરણ માં મહત્વ ની ભૂમિકા ભજવે છે

STAY HOME STAY SAFE

કહેવાય છે ને દુનિયા નો છેડો એટલે ઘર આજે કોરોના એ આધુનિક માનવ ને ઘર નું મહત્વ સમજાવ્યું છે .આપણા આદરણીય મુખ્યમંત્રી કહે છે "ઘર પર રહોગે તો સુરક્ષિત રહોગે " માણસ ને હંમેશા કહેતા સાંભળ્યું છે કે મારા ઘર માટે મારી પાસે સમય જ નથી પરંતુ કોરોના મહામારી ના કારણે આજે માણસ ઘર માં રહી ને પોતાના સ્વાથ્ય ની અને ઘર ના સભ્યોની સાળ સંભાળ લેતો થયો છે

આર્થિક સમસ્યા

આજે વૈશ્વિક મહામારી વૈશ્વિક અર્થતંત્ર ની કમર તોડી નાખી છે અમેરિકા એ પોતાના અર્થતંત્ર ને બચાવવા માટે ઉદ્યોગો શરૂરાખી ને પોતાના જ દેશ માં કોરોના નો વ્યાપ વધાર્યો . જ્યારે આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એ ભારતીય અર્થતંત્ર ની ચિંતા કર્યા વગર લોક ડાઉન નો મહત્વ નો નિર્ણય લય ને કોરોના ના વ્યાપ ને અટકાવ્યો છે .

ખરેખર તો અત્યારે માનવી સાદાઈ થી જીવન જીવતા થયો છે તેથી તે મહદ અંશે આર્થિક તંગી અનુભવતો નથી

સહકાર ની ભાવના નો વિકાસ

ઘણી સંસ્થાઓ અને માણસો સામે ચાલી ને ભૂખ્યા લોકો ને જમવાનું પોહચાડી રહ્યા છે તેમજ ગરીબ વર્ગો ને અનાજ વિતરણ કરીને સહકાર કરી રહ્યા છે .

PM ફંડ અને CM ફંડ માં આર્થિક સહાય કરી ને એકબીજાના મદદરૂપ થઇ રહ્યા છે તેમજ જરૂરિયાત મંદો ને પૂરતી ચીજવસ્તુ નું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

## મધ્યમવર્ગ ની કફોડી હાલત

કોવીડ-- ની કટોકટી એ જીવન બચાવવાને પ્રાથમિકતા આપી છે ત્યારે માનવી પોતાના ઘર માં બંધ છે આથી મહિને ૧૦૦૦૦ થી ૨૦૦૦૦ રૂપિયા ની નોકરી કરતો નોકરિયાત વર્ગ કે ગરીબવર્ગ કે મેજર વર્ગ આજે જીવન બચાવવાની કોશિશ કરી રહ્યો છે આવા સમયે પૂરતી આર્થિક મદદ ના અભાવે તેની હાલત આજે કફોડી બની છે

## ઉપસંહાર

વિશ્વ એ આજે વિશ્વબંધુત્વ ની ભાવના અપનાવી ને કોવીડ -- સામેની જંગ જીતવાનો પ્રયત્ન કરી રહ્યા છે આજે પુરા વિશ્વ સમુદાય એ સહકાર સાદગી અને સ્વછતા જેવા મૂલ્યો અપનાવા રહ્યા છે.